આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આશુતોષ અંતાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૨૨-૦૬-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## ૧૦મો આંતરાષ્ટ્રીય યોગ દિવસ-૦૧-રાષ્ટ્ર

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે ગઈકાલે દેશભરમાં મહત્વના સ્થળોએ યોગાસનના કાર્યક્રમો યોજાયા છે. કાશ્મીરના શ્રીનગર ખાતે યોજાયેલા રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જોડાયા હતા અને તેમણે ઉપસ્થિતોને સંબોધન કર્યું હતું. પ્રધાનમંત્રીએ શારિરીક, માનસિક અને આધ્યાત્મિક વૃધ્ધિમાં યોગનાં મહત્વ પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, વિશ્વનાં અનેક દેશોમાં યોગ એ લોકોનાં દૈનિક જીવનનો ભાગ બની ગયો છે.

**(RNU અમદાવાદ)**

-----------------------------------------------------------------------

## ૧૦મો આંતરાષ્ટ્રીય યોગ દિવસ-૦૨-રાજ્ય

દસમા આંતરાષ્ટીય યોગ દિવસની ઉજવણી રાજ્યભરમાં કરવામાં આવી હતી..

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ભારત પાકિસ્તાન સરહદ પર પ્રથમ વખત નડા બેટ ખાતે થઇ. વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી અને ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ સ્વસ્થ જીવન માટે યોગને દૈનિક જીવનમાં અપનાવવાનું આહ્વાન કર્યું હતું.

ગાંધીનગર સ્થિત રાજભવન ખાતે પણ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે નાગરીકોને યોગને જીવનનું અભિન્ન અંગ બનાવવા અનુરોધ કર્યો.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે સુરતમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## ૧૦મો આંતરાષ્ટ્રીય યોગ દિવસ-૦૩-કચ્છ

સમગ્ર રાષ્ટ્ર અને રાજ્યની સાથે કચ્છ જીલ્લામાં પણ ગઈકાલે 10માં આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જીલ્લા મથક ભુજમાં એશિયાના સૌથી મોટા મિયાવાંકી વન સ્મૃતિ વન ખાતે મનોનિત સાંસદ વિનોદ ચાવડાની અધ્યક્ષતામાં “સ્વયં અને સમાજ માટે યોગ” ની વિષય વસ્તુ પર આધારીત યોગ દિવસની ઉજવણીમાં બે હજાર પાંચસોથી વધુ યોગપ્રેમીઓ જોડાયા હતા. જીલ્લામાં દરેક તાલુકા મથક તેમજ નાના મોટા ગામ શહેરોમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

**(NP/આશુતોષ અંતાણી)**

---------------------------------------------------------------------------

## રાજ્ય-કેન્દ્રીયગૃહમંત્રી-સ્માર્ટ શાળા

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ગઈકાલે ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં આવેલી અમદાવાદ મહાનગર પાલિકાની 30 સ્માર્ટ શાળાઓનું નારણપુરા સરકારી શાળા ખાતેથી ઇ-લોકાર્પણ કર્યું.

આ પ્રસંગે સંબોધન કરતાં શ્રી શાહે જણાવ્યું કે, અંદાજે 36 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી આ સ્માર્ટ શાળાઓ થકી આશરે 30 હજાર જેટલા બાળકોને નવી શિક્ષણ નીતિનો સીધો લાભ મળશે. તેમણે નવી શિક્ષણ નીતિ

અંતર્ગત કૌશલ્ય અને ટેકનૉલોજિ આધારિત શિક્ષણ આપવા માટેની મોદી સરકારની પ્રતિબદ્ધતા પણ દોહરાવી હતી.

**(RNU અમદાવાદ)**

---

## આકાશવાણી-સમાચાર સેવા

આકાશવાણી સમાચાર સેવાને ભારતમાં સૌથી વિશ્વસનીય સમાચાર સેવા ગણવામાં આવે છે. ઓક્સફોર્ડ યુનિવર્સીટીની પત્રકારત્વના અભ્યાસ માટેની રોઇટર સંસ્થાના તાજેતરના સર્વેક્ષણમાં આ મુજબ જણાવવામાં આવ્યું છે. ડીજીટલ ન્યૂઝ રીપોર્ટ 2024ના આ સર્વેક્ષણમાં દેશભરમાં આવેલા મહત્વના સમાચાર સેવા ગૃહોની સરખામણીએ આકાશવાણી સમાચાર સેવાએ વિશ્વસનીય સમાચાર સેવાની શ્રેણીમાં નોંધપાત્ર રીતે ગુણ વધારે મેળવ્યા છે.

પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત કુમાર સેહગલે સર્વેક્ષણના તારણોને આવકારતા જણાવ્યું છે કે, બધી જ પરિસ્થિતીઓમાં આકાશવાણી સમાચાર સેવાએ સત્ય અને વિશ્વસનીય સમાચારો પ્રસારિત કરવાની આકાશવાણી સમાચાર સેવાની મજબૂત પ્રતિબધ્ધતાનું આ પ્રમાણ છે.

**(RNU અમદાવાદ)**

---

## કચ્છ-જખૌકાંઠે ડ્રગ્સ

કચ્છના દરિયાકિનારા પરથી ફરી મોટાપાયે ડ્રગ્સ ઝડપાયું છે..સીમા સુરક્ષા દળે હાથ ધરેલા સેર્ચ ઓપેરશનમાં જખૌના દરિયાકાંઠેથી બે અલગ-અલગ જગ્યાએથી માદક પદાર્થ ના 27 પેકેટ હાથ લાગ્યા છે..મળી આવેલા 27 પૈકી 17 પેકેટમાં પીળી ગોળીઓના 03 નાના પેકેટ છે, જે સિન્થેટિક ડ્રગ્સ મોર્ફિન હોવાની શંકા છે.BSF દ્વારા હાથ ધરવામં આવેલા સર્ચ ઓપરેશન દરમિયાન છેલ્લા એક સપ્તાહમાં જખૌના કિનારેથી માદક પદાર્થના 129 પેકેટ ઝડપાયા છે.

માદક પદાર્થો શોધવા બીએસએફ દ્વારા દરિયાકાંઠે આવેલા અલગ-અલગ ટાપુઓ અને ખાડી વિસ્તારની સઘન શોધ કરવામાં આવી રહી છે.

**(RNU અમદાવાદ)**

---

## રાજ્ય –એસ.ટી.દ્વારા પોર્ટલ

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ- એસ.ટી. દ્વારા મુસાફરોના પ્રતિભાવો મેળવવા માટે યાત્રી પ્રતિભાવ એન્ડ ક્વોટ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. મુસાફરો નિગમની વેબસાઇટ gsrtc.in ઉપર ‘’ઇ-ગવર્નન્સ સંદર્ભે યાત્રી પ્રતિભાવ એન્ડ ક્વોટ ફોર્મ સોમવાર ૨૪મી જૂન થી આગામી પહેલી જુલાઇ સુધી ભરીને પોતાની મુસાફરીના પ્રતિભાવો પોર્ટલના માધ્યમથી નિગમને આપી શકશે.

**(RNU અમદાવાદ)**

---

## રાજય-ધોરણ-10-12 પુરક પરીક્ષા

માર્ચ 2024માં રાજય શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ બોર્ડની પરીક્ષામાં એક કે બે વિષયમાં નાપાસ થયેલા, ગેરહાજર રહેલા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા 24મી જૂને લેવાશે.

જેમાં ધોરણ-10, ધોરણ-12 વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને સંસ્કૃત મધ્યમા પ્રવાહનો સમાવેશ થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બોર્ડની વેબસાઇટ gseb.org પર 15મી જૂનથી પરીક્ષાર્થીઓની પૂરક પરીક્ષાની હોલ ટીકીટ મૂકવામાં આવી છે.

**(RNU અમદાવાદ)**

---

## ક્રિકેટ-ICC-T-20 પુરૂષ વિશ્વકપ સ્પર્ધા

આઈ.સી.સી પુરૂષ ટી-20 ક્રિકેટ વિશ્વ કપ સ્પર્ધામાં ગઈકાલે વરસાદથી અસરગ્રસ્ત મેચમાં ડકવર્થ લુઈસ નિયમ મુજબ ઓસ્ટ્રેલિયાએ બાંગ્લાદેશને જયારે

અન્ય એક મેચમાં સૌઉથ આફ્રિકાએ ઈંગ્લેન્ડને સાત રનથી પરાજીત કરી સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. આજે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મેચ રમાશે.

**(NP/આશુતોષ અંતાણી)**